# પાલનપુર પોલીસ હેડ ક્વાટર્સમાં આગ : ઘરવખરી બળીને ખાખ

પાલનપુર

પાલનપુર પોલીસ હેડ ક્વાટર્સના ત્રીજા માળે



બુધવારે સાંજે એક પોલીસ કર્મીના રહેણાંક ફ્લેટમાં આગ લાગતાં ભારે અફરા તફરી મચી જવા પામી. જ્યાં દોડી ગયેલી પાલિકાની ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં મકાનમાં પડેલી ઘર વખરી બળીને ખાખ થઈ ગઈ હતી.

સુરતમાં બનેલી આગની દુર્ઘટના બાદ હરકતમાં આવેલા વહીવટી તંત્ર દ્વારા રાજ્ય ભરમાં તમામ પ્રકારના કલાસીસમાં ફાયર સેફટીની ચકાસણી કરવામાં આવી રહી છે. બનાસકાંઠામાં પણ ફાયર સેફટી વિનાના કલાસીસ, શોપિંગ સેન્ટરોના સંચાલકોને નોટિસો આપવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં જિલ્લા મથક પાલનપુરમાં

**ફ્લેટના ત્રીજા માળે શોર્ટ સર્કિટથી આગ લાગતા અફરાતફરી : પાલિકાની ફાયરબ્રિગેડની ટીમે આગ પર કાબુ મેળવ્યો**

ઉપર ઉપરી આગના બનાવો બની રહ્યા છે. જ્યાં એક સપ્તાહ માંજ હાઈવે નજીકના શોપિંગની લિફ્ટમાં આગ લાગી હતી. જે બાદ એરોમા સર્કલ નજીક આવેલા પટ્રોલ પંપે ચાલુ બાઈકમાં ઈંધણ પુરાવતી વખતે આગ ભભૂકી હતી. જોકે, કોઈ જાનહાની થવા પામી ન હતી. ત્યાં પુનઃ શહેરમાં આગની ઘટના બનતાં અફરાતફરી મચી જવા પામી હતી. જ્યાંપાલનપુર પોલીસ હેડ ક્વાટર્સના ત્રીજા માળે બુધવારે સાંજે એક પોલીસ કર્મીના રહેણાંક ફ્લેટમાં આગ લાગતાં ભારે અફરા તફરી મચી જવા પામી. જ્યાં દોડી ગયેલી પાલિકાની ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, ત્યાં સુધીમાં મકાનમાં પડેલી ઘર વખરી બળીને ખાખ થઈ ગઈ હતી.

# થરા નગરપાલિકાનું વીજ કનેકશન કપાયું

કાંકરેજ, તા. ૩૦

મોટા મોટા માથાના મોટા વેરા બાકી હોવાથી વસુલાત કરવામાંનગરપાલિકા કર્મચારીઓને પડે છે મુશ્કેલી. પૂર્વ મંત્રી જે.વી. શાહના પુત્રવધુ વર્ષાબેન હર્ષદકુમાર શાહનો ૭ લાખ રૂપિયા વેરો બાકી છે અને ૨૪૪ જેટલી મિલકત અરવિંદ ઠક્કર(લાટી) જેવા અનેક લોકો જે રાજકીય ક્ષેત્રે પોતાની ઓળખ ધરાવે છે તેવા ભારતીય જનતા પાર્ટીના સક્રિય આગેવાનોનો મોટા ભાગે વેરો બાકી છે ત્યારે થરા નગરપાલિકા દ્વારા વસુલાત કરવા માટે તજવીજ હાથ ધરવામાં આવી છે. જોકે થરા યુ.જી.વી.સી.એલ. દ્વારા થરા નગરપાલિકા ને રૂપિયા ૧૧ લાખનું એક બિલ પધરાવી દેવામાં આવતા વીજ બિલ ભરવાની મુશ્કેલી ઉભી થઈ હતી અને તારીખ ૨૯/૫/૨૦૧૯ના રોજ સવારે થરા વિદ્યુત બોર્ડ




દ્વારા થરા નગરપાલિકાનું વીજ કનેકશન કાપી નાખ્યું હતું એટલે વેરો ભરવા માટે આવનાર લોકો અને કર્મચારીઓને ભારે મુશ્કેલી વેઠવી પડી હતી. જોકે ટોટલ બિલ લગભગ ૨૮ લાખ રૂપિયા બાકી હોવાનું થરા જીઈબીના સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. ત્યારે ખરેખર શું થરા યુ.જી.વી.સી.એલ.ની બેદરકારી કે થરા નગરપાલિકાની તે માટે જવાબદાર કોણ ? હવે થરા નગરપાલિકા દ્વારા વીરો નહિ ભરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે એવું સૂત્રોએ જણાવ્યું હતું, એટલે ખુદ થરા વિદ્યુત બોર્ડનો વેરો એક લાખ રૂપિયા ઉપર ચાલુ બાકી છે અને થરા નગરપાલિકાનું વીજ કનેકશન કાપી નાખ્યું હતું એટલે ચોરના ભાઈ ઘંટી ચોર જેવી સ્થિતિ સર્જાઈ છે.

જોકે હવે થરા નગરપાલિકા દ્વારા ૧૧ લાખના બિલ માટે બોર્ડ પાસે ખુલાસો માંગ્યો અને બોર્ડ દ્વારા નોટિસો આપવામાં આવી છે. ત્યારે ખરેખર સત્ય શું છે તે અંગે એક બીજા ઉપર આક્ષેપો કરીને વેરો વસુલાત શરૂ કરી છે અને યુદ્ધના ધોરણે થરા નગરપાલિકાનું કનેક્શન પુનઃ ચાલુ કરવા માટે પ્રયત્ન હાથ ધરવામાં આવ્યા હતા.

## રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં શનિવારે ગણપત યુનિ. ખાતે કાર્યક્રમ યોજાશે

રાજ્યપાલશ્રી ઓ.પી. કોહલીની ઉપસ્થિતિમાં ૧ જુન ૨૦૧૯ને શનિવારે બપોરે ૩ કલાકે ગણપત યુનિ. ખેરવા ખાતે રાષ્ટ્રીય કાર્યશાળા કાર્યક્રમ યોજાનાર છે. શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ નવી દિલ્લી અને ગણપત યુનિ ખેરવાના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય કાર્યશાળા કાર્યક્રમ યોજાનાર છે. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, સાંસદ શારદાબેન પટેલ, યુ.જી.સી.ના સચિવ ડો.રજનીશ જૈન, શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ નવી દિલ્લીના સચિવ અતુલભાઈ કોઠારી ઉપસ્થિત રહેનાર છે તેમ શિક્ષા સંસ્કૃતિ ઉત્થાન ન્યાસ ગુજરાતના પ્રાન્ત સંયોજક ડો.જયેન્દ્રસિંહ જાદવની અખબારી યાદીમાં જણાવાયું છે.

## મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો.ઓ.સો.ની ચૂંટણી યોજાઈ

મોડાસા, તા. ૩૦

ગુજરાત રાજ્યમાં સારી નામના ધરાવતી અરવલ્લી જિલ્લાના મોડાસાનગરની ધી મોડાસા રોડ ટ્રાન્સપોર્ટ કો ઓપરેટીવ સોસાયટી લી.માં સતત બીજી ટર્મ માટે યોજાયેલ પ્રમુખ-ઉપપ્રમુખની ચૂંટણીમાં પ્રમુખ તરીકે અબ્દુલ રજાક હુસેનભાઈ ટીંટોઈયાની નિમણૂંક થતા જેઓ સતત આ પહેલા બે વર્ષ માટે પ્રમુખ તરીકે રહી ચૂક્યા છે. જેઓ અગાઉ ટર્મમાં પ્રમુખ હતા તેઓની બીજા ટર્મ માટે પણ ચૂંટાઈ છે. જ્યારે ઉપપ્રમુખ તરીકે મનવા અબ્દુલ રહીમ ઈસ્માઈલભાઈની વરણી કરવામાં આવે. જેઓ અગાઉ ઉપપ્રમુખ તરીકે હતા. બીજી ટર્મમાં પણ ઉપપ્રમુખ તરીકે વરણી કરવામાં આવેલ છે.

## બનાસકાંઠા જિલ્લા યુવા ક્ષત્રિય સંઘના હોદ્દેદારોની વરણી

કાંકરેજ, તા. ૩૦

સૌરાષ્ટ્રના જૂનાગઢ ખાતે અખિલ ગુજરાત રાજપૂત યુવા સંઘની એક પ્રદેશ કક્ષાની શિબિર અખિલ ગુજરાત યુવા સંઘના પ્રદેશ અધ્યક્ષ ડો.જાયેદ્રસિંહજી જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. આ સીબીરમા નવા હોદ્દેદારોને નિમણુકો આપવામાં આવી હતી તેમાં બનાસકાંઠા જિલ્લાના યુવા ક્ષત્રિય રાજપૂત સંઘના પ્રમુખપદે વાવ તાલુકાના બુકણા ગામના વાતની પ્રવિણસિંહજી પહાડસિંહજી ચૌહાણની વરણી કરવામાં આવી હતી જ્યારે ઉપ પ્રમુખ પદે સુઈગામ તાલુકાના સોનેથ ગામના વતની ભુપેન્દ્રસિંહ દિલીપસિંહ જાડેજા તેમજ જબ્બરસિંહ ફતેસિંહ જાડેજા આશા ડેરી થરાદ વાવની વરણી કરવામાં આવી હતી.

# બનાસકાંઠામાં વહીવટીતંત્ર દ્વારા ટ્યુશન ક્લાસીસ બંધ કરાતા બગીચામાં કલાસીસ શરૂ કર્યા

પાલનપુર, તા. ૩૦

સુરતની ઘટના બાદ રાજ્યભરના ફાયરસેફ્ટીને ધ્યાને લઈ બનાસકાંઠાના ટ્યુશન ક્લાસીસ બંધ કરાવવામાં આવ્યા છે. જેથી પાલનપુરમાં એક ક્લાસીસના સંચાલક દ્વારા કલેક્ટર કચેરીના બગીચામાં ક્લાસીસ શરૂ કરી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવી રહ્યા છે. તેમ છતા તંત્ર દ્વારા આગામી દિવસોમાં મંજુરી નહી આપવામાં આવે તો ક્લાસીસના સંચાલકો વિદ્યાર્થીઓ સાથે ઉપવાસ ઉપર બેસવાની ચીમકી આપી હતી.

સુરતમાં તાજેતરમાં એક બહુમાળી બિલ્ડીંગના ટ્યુશન ક્લાસીસમાં આગની ઘટનામાં ૨૨ વિદ્યાર્થીઓના મોત નિપજ્યા હતા. જેના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત જોવા મળ્યા હતા. જેથી વહીવટીતંત્ર દ્વારા ફાયર સેફ્ટીને ધ્યાને લઈ રાજ્યમાં ચાલતા તમામ ટ્યુશન ક્લાસીસોને બંધ કરવાની સુચના આપી બંધ કરાવવામાં આવ્યા છે. જેની અસર બનાસરકાંઠામાં પણ પડી હતી અને બનાસકાંઠામાં વહીવટીતંત્ર દ્વારા તમામ ટ્યુશન ક્લાસીસ બંધ કરાવવામાં આવ્યા હતા. જેથી ટ્યુશન ક્લાસીસના સંચાલકો દ્વારા પોતાના ક્લાસીસ માટે ફાયર સેફ્ટીના સાધનો વસાવી તે કેવી રીતે ઓપરેટ કરવા



તે અંગેનું જ્ઞાન મેળવી ટ્યુશન કલાસીસ ચાલુ કરવા માટે વહીવટીતંત્રને રજુઆત કરવામાં આવી હતી. પરંતુ તંત્ર દ્વારા જ્યાં સુધી ઉચ્ચકક્ષાએથી સુચના ન આવે ત્યાં સુધી ટ્યુશન ક્લાસીસ બંધ રાખવા સંચાલકોને જણાવવામાં આવ્યુ હતુ. જેથી પાલનપુરના પરીવાર ટ્યુશન ક્લાસીસના સંચાલક રવિસોની દ્વારા ફેસબુકના માધ્યમથી પોતાના વિદ્યાર્થીઓને અભ્યાસ શરૂ કરવામાં આવ્યો હતો. પરંતુ કેટલાક વિદ્યાર્થીઓને નેટની સુવિધા ઉપલબ્ધ ન હોવાના કારણે વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં મુશ્કેલી પડતી હતી. જેથી આગામી દિવસોમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ આવતી હોવાથી તેને ધ્યાને લઈ પાલનપુર જ્યાં સુધી વહીવટીતંત્ર દ્વારા ક્લાસીસ ચાલુ કરવાની મંજુરી ન મળે ત્યાં સુધી પાલનપુરની કલેક્ટર કચેરીમાં ક્લાસ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

જેથી આજરોજ પાલનપુર કલેકટર કચેરીના બગીચામાં વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી અભ્યાસ કર્યો હતો. આ અંગે ટ્યુશન કલાસીસના સંચાલકે જણાવ્યુ હતુ. કે અત્યારે તો અમે કલેક્ટર કચેરીના બગીચામાં ક્લાસીસ શરૂ કર્યા છે. પરંતુ તેમ છતા આગામી દિવસોમાં અમને ક્લાસીસ ચાલુ કરવાની મંજુરી નહી મળે તો આગામી દિવસોમાં જરૂર પડે તો ઉપવાસ ઉપર બેસવુ પડશે તો પણ અચકાઈશુ નહી.

# મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ અંબાજી ખાતે માતાજીના દર્શન કર્યા

પાલનપુર, તા. ૩૦

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી ખાતે રાજયના અન્ન, નાગરિક પુરવઠા ગ્રાહકોની બાબતો અને કુટિર ઉધોગ રાજયમંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ ભક્તિભાવપૂર્વક જગદજનની મા અંબેના દર્શન અને પૂજા-અર્ચના કરી હતી. મંત્રીએ સાંજની આરતીમાં બેસવાનો લ્હાવો લીધો હતો.

સમગ્ર દેશની જનતાએ ઉત્સાહપૂર્વક પ્રચંડ જનસમર્થનથી વડાપ્રધાન નરેન?દ્રભાઈ મોદીને સતત બીજીવાર ભવ્ય વિજય આપી દેશનું સુકાન સોંપ્યું છે ત્યારે દેશના સૌ નાગરિકોની સમગ્રતયા સુખાકારી શાંતિ, સલામતિ અને રાષ્ટ્રના ઉત્તરોત્તર વિકાસમાં દૈવીશક્તિના કૃપા આશિષ સદાય વરસતા રહે તેવી પ્રાર્થના મંત્રીએ માતાજીના શ્રી ચરણોમાં કરી હતી.

મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટદાર એસ. જે. ચાવડા સાથે



યાત્રાધામમાં ઉપલબ્ધ સુવિધાઓ, મંદિરના શિખરને સુવર્ણમય બનાવવાની કામગીરી અંગે અને ટ્રસ્ટના વિકાસકીય કામો વિશે ચર્ચા કરી હતી.

મંત્રી સાથે પૂર્વમંત્રી રાઘવજી પટેલ, વહીવટદાર એસ. જે. ચાવડા, પ્રાન્ત અધિકારી કે. એન. ચાવડા, વહીવટદાર કચેરીના અધિકારીઓ તથા અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



## મોટા પોશીના જૈનતીર્થ ખાતે ધ્વજારોહણ

પોશીના ખાતે આવેલ અતિ પ્રાચીન શ્રી મોટા પોશીનાજી જૈન તીર્થ ખાતે ગુરુ ભગવંતોની નિશ્રામાં ત્રિદિવસીય જિનેન્દ્ર ભક્તિ મહોત્સવ યોજાયો હતો જેમાં ધ્વજારોહણ તથા વીરદાદાનો પૂજન (હવન ) તથા શોભાયાત્રા જેવા ભક્તિમય કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં આ વર્ષે હવન પૂજાના લાભાર્થી મનુભાઈ સાંકળચંદ દોશી તથા જયંતિલાલ જયચંદભાઈ શાહ પરિવાર (હિંમતનગર )નાઓએ લાભ લીધો હતો. જેમાં પોશીના, લાંબડીયા, ખેરોજ, ખેડબ્રહ્મા, વડાલી, હિંમતનગર, અમદાવાદ, સુરત, મુંબઈ ખાતે વસતા જૈન પરિવારોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી આ ભક્તિમય પ્રસંગનો લાભ લીધો હતો અને પોશીના જૈન સંઘના અગ્રણી બાબુભાઈ શાહ, વસંતભાઈ, વિક્રમભાઈ, મહેન્દ્રભાઈ, પ્રફુલભાઈ, રમેશભાઈ તથા મહેતા દિલીપભાઈ દ્વારા આ ભક્તિમય પ્રસંગને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

# માલપુર શબવાહિનીએ કુતુહલ સાથે ભયનું વાતાવરણ સર્જ્યું

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જીલ્લાના માલપુર ગ્રામ પંચાયતની શબવાહિનીમાં છેલ્લા કેટલાક દિવસોથી મધ્યરાત્રીએ એકાએક લાઈટ ચાલુ થવાની સાથે જોરજોરથી હોર્ન વાગવાની સાથે દરવાજા ખુલ્લા બંધ થવાની ઘટના સતત બનતા આજુબાજુના લોકોમાં કુતુહુલ સાથે ભયનો માહોલ પેદા થતા માલપુર ગ્રામ પંચાયતના સરપંચના પતિ મહેશભાઈ ઉપધ્યાય અને તેમના મિત્રોએ પણ આ અંગે રાત્રીના સુમારે જાતે તપાસ કરતા તેમને પણ આવોજ અનુભવ થતા શબ વાહિનીને સ્થળ બદલી હાલ માલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં મૂકી દેવામાં આવી છે.

રાજયસભાના સાંસદની ગ્રાંટમાંથી માલપુર તાલુકાના લોકો માટે શબવાહિની ફાળવાઈ છે. આ શબવાહિની માલપુર નગર અને તાલુકાના પ્રજાજનો માટે ભયનું અને કુતુહલનું વાતાવરણ પેદા કરતા મદદરૂપ થવાના બદલે અભિષાપ બની હોય તેવું લાગી રહ્યું છે. માલપુર દરવાજાની જૂની વાવ પાસે મુકવામાં આવી હતી. શબવાહિનીમાં રાત્રીના સમયે થઈ રહેલી અઘટિત ઘટનાને કારણે સ્થાનિક લોકોએ શબવાહિનીને હટાવવાની માંગ હતી. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર રાત્રીના




સમયે શબ વાહિનીમાં સાઈરન તેમજ લાઈટ ચાલુ થતું હતું, એટલું જ નહીં કેટલીક વાર તો શબવાહિનીનું લોક પણ ખુલી જતા અને દરવાજા ખુલી જતા હોવાથી આજુબાજુના રહીશોમાં ભયનો માહોલ પેદા થતા માલપુર સરપંચના પતિ સહીત અન્ય લોકોને પણ આવોજ અનુભવ થતા શબવાહિની માલપુર પોલીસ સ્ટેનશન વિસ્તારમાં મૂકી દીધી છે. માલપુર પોલીસ સ્ટેશનના કર્મચારીઓના જણાવ્યા અનુસાર ત્રણ મહિનાથી પોલીસ સ્ટેશન વિસ્તારમાં રખાયેલી શબવાહિનીમાંથી હજુ સુધી આવી કોઈ ઘટના પોલીસ સ્ટેશનના કોઈપણ કર્મચારીઓને અનુભવ થયો ન હોવાનું જણાવ્યું હતું.

વ્યક્તિના મૃત્યુ પછી અંતિમધામ સુધી પહોંચાડતી શબવાહિની હાલ અંતિમ તબક્કામાં શ્વાસ લેતી હોય તેવું લાગી રહ્યું છે. અંધશ્રદ્ધા હોય કે પછી લોકોનો વહેમ પણ હાલ તો શબ વાહિનીને પોલીસ સ્ટેશનમાં રક્ષણ હેઠળ સુરક્ષિત બનાવી છે.

## કાંકરેજ તાલુકાના બુકોલી ગામે કૌટુંબિક ભાઈઓ વચ્ચે મારામારીમાં એકનું મોત

કાંકરેજ, તા. ૩૦

પ્રાપ્ત અહેવાલ અનુસાર બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના બુકોલી ગામે રહેતા ૫૫ વર્ષીય સોલંકી વાલજીભાઈ વિરસંગજી રહે. બુકોલીવાળા પોતાના ખેતરમાં જવાના રસ્તે બાઈક લઈ નીકળતા તેમના કૌટુંબિક ભાઈઓને દરવાજો બંધ કરી નીકળવાનું કહેતા તેમજ લગ્નમાં પોતાના કૌટુંબિક સમાધાન માટેની વાત ભાઈઓ દ્વારા કરવામાં આવી હતી. જેને લીધે સામાપક્ષવાળા લોકો ઉશ્કેરાયેલા હોવાથી આમનેસામને આવી ગયા હતા અને મામલો મારામારી સુધી પહોંચી ગયો હતો.

ત્યારે મૃતક વાલજીભાઈને માથામાં કપાળે ઈજા પહોંચી હતી અને ઘટનાસ્થળે મોત થયું હતું. ત્યારે શિહોરી પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી. જેને પગલે સમગ્ર બાબતમાં પોલીસે તપાસ હાથ ધરી છે અને મૃતદેહ શિહોરી સરકારી હોસ્પિટલમાં પી.એમ. માટે લવાયો હતો. ત્યારે હાલમાં મૃતકના વાલી વારસો શિહોરી સરકારી હોસ્પિટલમાં દોડી આવ્યા હતા અને ડોકટર તેમજ પોલીસે પંચનામું શરૂ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટરની સમીક્ષા બેઠક યોજાઈ

પાલનપુર, તા. ૩૦

પાલનપુર ખાતે કલેકટર સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ



સેન્ટરની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં કલેકટરે રિસોર્સ સેન્ટરો દ્વારા કરવામાં આવેલ કામગીરીની સમીક્ષા કરી હતી. કલેકટરે કહ્યું કે બાળકો એ આવતીકાલનું ભવિષ્ય છે જેથી બાળકોના હિત અને કલ્યાણ માટે સંવેદનશીલતાથી પરિણામદાયી કામગીરી કરીએ. વિવિધ અધિકારીઓ સાથે કામગીરીની સમીક્ષા દરમિયાન કલેકટરે વધુ સારી રીતે કામગીરી કરવા જણાવ્યું હતું. તેમણે અધિકારીઓને જણાવ્યું કે બાળકોના હિત અને કલ્યાણ માટે અમલી સરકારની વિવિધ યોજનાઓના બાળકોને લાભ આપવામાં આવે તેમજ બાળકો અધવચ્ચેથી અભ્યાસ ન છોડી દે, બાળલગ્નનું દૂષણ સમાપ્ત કરી દેવાય તેમજ જરૂરતમંદ તમામ બાળકોને યોજનાઓના લાભ સરળતાથી મળી રહે તે માટે હકારાત્મક અભિગમ સાથે આયોજનપૂર્વક સફળ કામગીરી કરીએ.

કલેકટરે પોલીસ અધિકારીને જણાવ્યું કે બાળકોનું શોષણ કે બાળકો સાથે અન્યાય સંદર્ભે ત્વરીત કામગીરી હાથ ધરવી. અત્રે નોંધનીય છે કે ચિલ્ડ્રન એન્ડ એડોલેશન રિસોર્સ સેન્ટરો દ્વારા છેલ્લા એક વર્ષમાં જીલ્લામાં ૩,૧૫૨ બાળકોને સરકારશ્રીની વિવિધ યોજનાઓના લાભથી લાભાન્વીત કરવામાં આવ્યા છે. આ સેન્ટરોની કામગીરી બાબતે કલેકટરે જણાવ્યું કે હજુ પણ વધુ સારી કામગીરી કરીએ.





શ્રી રામપારાયણ આયોજક સમિતિ માંડલ, દેત્રોજ વિરમગામ આયોજિત જમ્મુ ખાતેના કટરામાં વૈશ્નોદેવીના સાનિધ્યમાં રાજેન્દ્રપ્રસાદ શાસ્ત્રી (જોષીપુરા)ના વ્યાસપીઠે ભાગવત કથાની પૂર્ણાહૂતી બાદ સૌ શ્રોતાઓને શિવખોડી, અમૃતસર સુવર્ણ મંદિર, વાઘા બોર્ડર, (પંજાબ) તથા હિમાચલપ્રદેશમાં કાંગડાં જૈન તીર્થ જ્વાલા દેવી, જેવા અનેક તિર્થસ્થાનની મુલાકાત બાદ સૌ ભક્તજનો ગુજરાત પરત ફર્યા હતા.